GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 5
September-October: 2026

NEP-2020 ના સંદર્ભમાં પ્રાથમિક શાળાના શિક્ષકોના આધ્યાત્મિક અને નૈતિક મૂલ્યોનો અભ્યાસ

સંશોધક

ડૉ. પ્રજ્ઞેશકુમાર કે. પટેલ

આસિસ્ટન્ટ પ્રોફેસર,

શ્રી સાર્વજનિક કોલેજ ઓફ એજ્યુકેશન, ગોધરા

સારાંશ

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - 2020 માં શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ, ચારિત્ર્ય ઘડતર, નૈતિકતા, જવાબદારી અને મૂલ્યનિષ્ઠ જીવનના વિકાસને વિશેષ મહત્વ આપવામાં આવ્યું છે. પ્રાથમિક શિક્ષણ એ બાળકના વ્યક્તિત્વ અને જીવનમૂલ્યોના ઘડતરનો પાયાનો તબક્કો હોવાથી આ પ્રક્રિયામાં શિક્ષકની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ બને છે. શિક્ષક પોતાના વર્તન, વિચાર અને આચરણ દ્વારા વિદ્યાર્થીઓમાં આધ્યાત્મિક અને નૈતિક મૂલ્યોનું સંવર્ધન કરી શકે છે. આ પરિપ્રેક્ષ્યમાં પ્રસ્તુત અભ્યાસનો મુખ્ય હેતુ NEP-2020ના સંદર્ભમાં પ્રાથમિક શાળાના શિક્ષકોના આધ્યાત્મિક અને નૈતિક મૂલ્યોનો અભ્યાસ કરવાનો હતો. સાથે સાથે શિક્ષકોના આધ્યાત્મિક અને નૈતિક મૂલ્યોમાં જાતીયતા તથા વિસ્તારના સંદર્ભે કોઈ નોંધપાત્ર તફાવત છે કે કેમ તે પણ તપાસવામાં આવ્યું હતું.

પ્રસ્તુત અભ્યાસનું ક્ષેત્ર શૈક્ષણિક તત્વજ્ઞાન અને પ્રાથમિક શિક્ષણ હતું. અભ્યાસ માટે સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. અભ્યાસના વ્યાપવિશ્વમાં શૈક્ષણિક વર્ષ 2025-26 દરમિયાન અમદાવાદ જિલ્લા પંચાયત અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત ગુજરાતી માધ્યમની સરકારી પ્રાથમિક શાળાઓમાં કાર્યરત શિક્ષકોનો સમાવેશ કરવામાં આવ્યો

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 5
September-October: 2026

હતો. સહેતુક નમૂના પદ્ધતિ દ્વારા ગ્રામ્ય વિસ્તારના 50 અને શહેરી વિસ્તારના 50, એમ કુલ 100 શિક્ષકોની પસંદગી કરવામાં આવી હતી. માહિતીના એકત્રીકરણ માટે સંશોધક દ્વારા સ્વ-રચિત 'આધ્યાત્મિક અને નૈતિક મૂલ્ય માપદંડ'નો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ માપદંડમાં સત્ય, સર્વધર્મ સમભાવ, નિષ્ઠા, ફરજ, પ્રામાણિકતા, સંયમ, ચારિત્ર્ય, ન્યાય અને સદાચાર જેવા નવ મૂલ્ય ઘટકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

માહિતીના વિશ્લેષણ માટે *t*-કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. અભ્યાસનાં પરિણામોમાં પુરુષ અને સ્ત્રી શિક્ષકોના આધ્યાત્મિક અને નૈતિક મૂલ્યોમાં 0.05 કક્ષાએ કોઈ સાર્થક તફાવત જોવા મળ્યો નહોતો. તેવી જ રીતે ગ્રામ્ય અને શહેરી વિસ્તારના શિક્ષકો વચ્ચે પણ કોઈ સાર્થક તફાવત જોવા મળ્યો નહોતો. ગ્રામ્ય તથા શહેરી બંને વિસ્તારોમાં પુરુષ અને સ્ત્રી શિક્ષકોના મૂલ્યોમાં પણ નોંધપાત્ર તફાવત જોવા મળ્યો નહોતો.

આમ, અભ્યાસના તારણો દર્શાવે છે કે પ્રાથમિક શાળાના શિક્ષકોમાં જાતીયતા અને વિસ્તારના સંદર્ભે આધ્યાત્મિક તથા નૈતિક મૂલ્યોમાં નોંધપાત્ર સામ્યતા જોવા મળે છે. શિક્ષકોમાં મૂલ્યસભર વ્યક્તિત્વનું નિર્માણ NEP-2020ના મૂલ્યઆધારિત અને સર્વાંગી શિક્ષણના હેતુઓને સાકાર કરવામાં મહત્વપૂર્ણ યોગદાન આપી શકે છે.

મુખ્ય શબ્દો: NEP–2020, આધ્યાત્મિક મૂલ્યો, નૈતિક મૂલ્યો, મૂલ્ય શિક્ષણ, સર્વાંગી વિકાસ, પ્રાથમિક શાળાના શિક્ષકો

1. પ્રસ્તાવના

શિક્ષણએ સમાજમાં પરિવર્તન લાવનારું મહત્વનું પરિબળ છે. કોઈપણ દેશની પ્રગતિનો આધાર તેની શિક્ષણ વ્યવસ્થા પર રહેલો છે. આધુનિકતા તરફ ગતિ કરતા વિશ્વ સાથે હરણફાળ

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 5
September-October: 2026

ભરવા રાષ્ટ્રીય શિક્ષણનીતિ -2020 નૂતન અને આવશ્યક પગલું છે. રાષ્ટ્રીય શિક્ષણનીતિ - 2020 માં ગર્ભિત મૂલ્ય શિક્ષણ તેમજ મૂલ્ય વિશેના વિચારો ગાંધીજીના વિચારોમાં તેમજ તેમના લખાણમાં હંમેશા પ્રતિબિંબિત થયા છે. ગાંધીજી માનતા કે આધ્યાત્મિક અને નૈતિક મૂલ્યો આદર્શ સમાજ નિર્માણના પાયા છે જે સર્વે લોકોમાં સત્ય, નિષ્ઠા, સર્વધર્મ સમભાવ, નીતિમત્તા, ફરજપાલન, પ્રામાણિકતા, સંયમ, ન્યાય, ચારિત્ર્ય ઘડતર જેવા ગુણો વિકસાવી આદર્શ નાગરિક બનાવે છે. ગાંધીજીના મતે કેળવણીનું મુખ્ય ધ્યેય ચારિત્ર્યશીલ અને નૈતિક મનુષ્યનું નિર્માણ કરવાનું હોવું જોઈએ. કેળવણી દ્વારા સત્ય અને અહિંસાના મૂલ્યો સિદ્ધ થવાં જોઈએ. તેમના માટે નીતિશિક્ષણનું સ્વરૂપ માનવ હદયને શુદ્ધ કરનારાં સત્ય અને અહિંસાના સદગુણોની તાલીમ હોવું જોઈએ. બાળકમાં મૂલ્યોનું ઘડતર ઘર, પરિવાર, સમાજ અને શિક્ષણમાંથી થાય છે તે પૈકી શિક્ષણ દ્વારા મૂલ્યોનું સિંચન બાળકોમાં ગર્ભિત સંસ્કારોનું કામ કરે છે. બાળકની શિક્ષણની શરૂઆત પ્રાથમિક શિક્ષણથી થાય છે ત્યારે પ્રાથમિક શાળાઓમાં કાર્યરત શિક્ષકોના મૂલ્યો પ્રત્યેના વિચારો અને સમજની સીધી અસર બાળકોના ઘડતર પર થાય છે તેથી પ્રાથમિક શાળાના શિક્ષકોનાં આધ્યાત્મિક અને નૈતિક મૂલ્યો વિશેના વિચારો અને સમજ કેવી છે તે જાણવાના હેતુસર પ્રસ્તુત આભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો.

2. સમસ્યા કથન

NEP-2020 ના સંદર્ભમાં પ્રાથમિક શાળાના શિક્ષકોના આધ્યાત્મિક અને નૈતિક મૂલ્યોનો અભ્યાસ

પદોની વ્યાવહારિક વ્યાખ્યા

પ્રસ્તુત અભ્યાસના પારિભાષિક શબ્દોની સમજ નીચે મુજબ છે.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 5
September-October: 2026

પ્રાથમિક શાળા

મફત અને ફરજિયાત શિક્ષણના નિયમો, ગુજરાત(2012) મુજબ પ્રાથમિક શાળા એટલે ધોરણ 1 થી 8 નું શિક્ષણકાર્ય થતું હોય તેવી માન્યતા પ્રાપ્ત શાળા.

શિક્ષકો

મફત અને ફરજિયાત શિક્ષણના નિયમો, ગુજરાત(2012) મુજબ માન્યતા પ્રાપ્ત પ્રાથમિક શાળા ધોરણ - 1 થી 8 માં શૈક્ષણિક કાર્ય કરતાં શિક્ષકો.

મૂલ્યો

શાબ્દિક અર્થ

મૂલ્ય એટલે કઈંક ગુણવત્તાવાળું, ઉપયોગી, શ્રેષ્ઠ, મહત્વનું, મૂલવી શકાય તેવું કે મેળવવા યોગ્ય. મૂલ્ય એ આદર્શ કે ધોરણો છે. વ્યક્તિત્વના સર્વ પાસાઓનાં ગુણાત્મક લક્ષણો.

વિવરણાત્મક અર્થ

મૂલ્ય એક વિચાર છે. સંકલ્પના છે એટલે કે જીવનમાં કઇંક મહત્વપૂર્ણ હોવા અંગેનો વિચાર છે. કોઈપણ જાતના નુકસાન વગર સમાજનું કલ્યાણ થાય તેવી ડહાપણ નીતિ. એવા સિદ્ધાંતો અને ધોરણો કે જે વ્યક્તિ દ્વારા સ્વીકૃત થાય અને માનવ વર્તનમાં તેનો વિનિયોગ થાય તો તેના જીવનને વર્તણૂકની સ્વીકૃત કક્ષાએ લઈ જાય અને ગૌરવવંતી બનાવે.

વ્યવહારુ અર્થ

“માનવે કોઈ વસ્તુને આપેલો અર્થ એટલે મૂલ્ય.”[1] - હરિપ્રસાદ જોષી

“મૂલ્ય એટલે એવી માન્યતા કે જેને વ્યક્તિ અગ્રતા આપે છે.”[2] - ઓલપાર્ટ

આધ્યાત્મિક મૂલ્યો : સત્ય, સર્વધર્મ સમભાવ, નિષ્ઠા

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 5
September-October: 2026

આધ્યાત્મિક મૂલ્યો થકી વ્યક્તિમાં સંકલ્પબદ્ધતાનું સિંચન થાય છે પરિણામે વ્યક્તિમાં સત્કાર્યો કરવા, સદગુણો અને સત્યનું આચરણ કરવા, નૈતિકતાના માર્ગે ચાલવું, જનસેવા કરવી જેવા મૂલ્યો આત્મસાત થાય છે. ધાર્મિક, બૌદ્ધિક અને સર્જનાત્મક પ્રવુત્તિ દ્વારા તથા સૌંદર્યાનુભૂતિ દ્વારા જે મૂલ્યો પ્રાપ્ત થાય છે તે આધ્યાત્મિક મૂલ્યો છે. આધ્યાત્મિક મૂલ્યએ વ્યક્તિની આંતરિક શાંતિની અનુભૂતિની અવસ્થા છે.

નૈતિક મૂલ્યો : ફરજ, પ્રામાણિકતા, સંયમ, ચારિત્ર્ય, ન્યાય, સદાચાર

સૌને માટે કલ્યાણકારી નીતિ એટલે નૈતિક મૂલ્ય. જવાબદારીપૂર્વક વ્યક્તિ સમષ્ટિ દ્વારા નક્કી થયેલા ધારા-ધોરણો, નીતિ-નિયમોનું વ્યવહારમાં ચુસ્તપણે પાલન કરે. નીતિમત્તા એ વ્યક્તિને લક્ષ્ય, આદર્શ અને ધ્યેય દર્શાવે છે. નીતિમત્તા વિનાના માણસનું જીવન સુકાન વગરના વહાણ જેવું બની જાય છે.

રવિન્દ્રનાથ ટાગોરે પોતાના વ્યાખ્યાનમાં નૈતિક અને આધ્યાત્મિક બાબતો બન્ને વચ્ચેનો તફાવત બતાવતાં કહ્યું છે કે "આત્મસાક્ષાત્કારની બાબતમાં નૈતિક અને આધ્યાત્મિક એમ બે બાજુ હોય છે. નૈતિકતામાં સ્વાર્થત્યાગ અને વાસનાઓ ઉપરનો સંયમ હોય છે. આધ્યાત્મિકતામાં કરુણા અને પ્રેમ હોય છે. આથી નૈતિકતા અને આધ્યાત્મિકતાનો સમન્વય કરવો જોઈએ. એ બન્ને ને ક્યારેય છૂટા પડવા દેવાં ન જોઈએ. માત્ર નૈતિક બાજુ ખીલવવાથી આપણી પ્રકૃતિ આપણને સંકુચિતતાના, હદયની કઠોરતાના અને પોતે સારા છે એવા મિથ્યાભિમાનના અંધકારભર્યા પ્રદેશમાં ખેંચી જશે.; અને ફક્ત આધ્યાત્મિક બાજુ ખીલવવાથી આપણી પ્રકૃતિ આપણને કલ્પનાના આત્મસંયમમાં રાચતા વ્યર્થ અંધકારભર્યા પ્રદેશ તરફ ઘસડી જશે."[3]

3. અભ્યાસના હેતુઓ

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 5
September-October: 2026

પ્રસ્તુત અભ્યાસના હેતુઓ નીચે મુજબ છે.

1. NEP-2020 ના સંદર્ભમાં પ્રાથમિક શાળાના શિક્ષકોનાં આધ્યાત્મિક અને નૈતિક મૂલ્યોની ચકાસણી કરવી.
2. NEP-2020 ના સંદર્ભમાં પ્રાથમિક શાળાના શિક્ષકોનાં મૂલ્યોની ચકાસણી માટે આધ્યાત્મિક અને નૈતિક મૂલ્ય માપદંડની રચના કરવી.
3. NEP-2020 ના સંદર્ભમાં પ્રાથમિક શાળાના શિક્ષકોનાં આધ્યાત્મિક અને નૈતિક મૂલ્યોની જાતિના સંદર્ભમાં ચકાસણી કરવી.
4. NEP-2020 ના સંદર્ભમાં પ્રાથમિક શાળાના શિક્ષકોનાં આધ્યાત્મિક અને નૈતિક મૂલ્યોની વિસ્તારના સંદર્ભમાં ચકાસણી કરવી.

4. અભ્યાસમાં સમાવિષ્ટ ચલ

ચલ એટલે ચલિત, પરિવર્તિત, બદલાતું રહે તે. અભ્યાસમાં સમાવિષ્ટ ચલ નીચે સારણી-4.1 માં દર્શાવ્યા મુજબ છે.

સારણી -4.1

અભ્યાસમાં સમાવિષ્ટ ચલ

ક્રમ	ચલ	પ્રકાર	કક્ષા
1	સ્વતંત્ર ચલ	જાતીયતા	પુરુષ
			સ્ત્રી
		વિસ્તાર	ગ્રામ્ય
			શહરી
2	પરતંત્ર ચલ	NEP-2020 ના સંદર્ભમાં આધ્યાત્મિક અને નૈતિક મૂલ્યો	

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 5
September-October: 2026

5. અભ્યાસની ઉત્કલ્પનાઓ

ઉત્કલ્પનાઓ સંશોધનનાં પરિણામો અંગેના કામચલાઉ જવાબ આપે છે.

પ્રસ્તુત સંશોધનની ઉત્કલ્પનાઓ નીચે મુજબ છે.

Ho_1 NEP-2020 ના સંદર્ભમાં પ્રાથમિક શાળાના પુરુષ શિક્ષકો અને સ્ત્રી શિક્ષકોનાં આધ્યાત્મિક અને નૈતિક મૂલ્ય માપદંડમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

Ho_2 NEP-2020 ના સંદર્ભમાં પ્રાથમિક શાળાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારના શિક્ષકોનાં આધ્યાત્મિક અને નૈતિક મૂલ્ય માપદંડમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

Ho_3 NEP-2020 ના સંદર્ભમાં પ્રાથમિક શાળાના ગ્રામ્ય વિસ્તારના પુરુષ અને સ્ત્રી શિક્ષકોનાં આધ્યાત્મિક અને નૈતિક મૂલ્ય માપદંડમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

Ho_4 NEP-2020 ના સંદર્ભમાં પ્રાથમિક શાળાના શહેરી વિસ્તારના પુરુષ અને સ્ત્રી શિક્ષકોનાં આધ્યાત્મિક અને નૈતિક મૂલ્ય માપદંડમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

6. અભ્યાસનું ક્ષેત્ર, પ્રકાર અને પદ્ધતિ

અભ્યાસનું ક્ષેત્ર : શૈક્ષણિક તત્વજ્ઞાન, પ્રાથમિક શિક્ષણ

અભ્યાસનો પ્રકાર : વ્યાવહારિક સંશોધન

સંશોધન પદ્ધતિ : સર્વેક્ષણ પદ્ધતિ

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 5
September-October: 2026

7. અભ્યાસનો વ્યાપવિશ્વ અને નિદર્શ

વ્યાપવિશ્વ

પ્રસ્તુત અભ્યાસમાં અમદાવાદ જિલ્લા પંચાયત અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત ગુજરાતી માધ્યમની સરકારી પ્રાથમિક શાળાઓમાં 2025-26 નાં વર્ષ દરમિયાન કાર્યરત શિક્ષકોનો વ્યાપવિશ્વમાં સમાવેશ કરવામાં આવ્યા હતા.

નિદર્શ

પ્રસ્તુત અભ્યાસમાં અમદાવાદ જિલ્લા પંચાયત સંચાલિત અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત ગુજરાતી માધ્યમની સરકારી પ્રાથમિક શાળાઓમાંથી સહેતુક નમૂના પદ્ધતિથી શાળાઓની પસંદગી કરી ગ્રામ્યના-50 અને શહેરીના-50 એમ કુલ - 100 શિક્ષકોને નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

8. અભ્યાસનું ઉપકરણ

પ્રસ્તુત અભ્યાસમાં સ્વ-રચિત 'આધ્યાત્મિક અને નૈતિક મૂલ્ય માપદંડ'નો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તેમાં આધ્યાત્મિક અને નૈતિક મૂલ્યોનાં નવ ઘટકોને આધારે વિધાનો તૈયાર કરવામાં આવ્યાં હતાં. તજજ્ઞોશ્રીઓનું માર્ગદર્શન લઈ અંતિમ વિધાનો પસંદ કરવામાં આવ્યા.

આધ્યાત્મિક મૂલ્યો : સત્ય, સર્વધર્મ સમભાવ, નિષ્ઠા

નૈતિક મૂલ્યો : ફરજ, પ્રામાણિકતા, સંયમ, ચારિત્ર્ય, ન્યાય, સદાચાર

પ્રસ્તુત મૂલ્ય માપદંડમાં 40 વિધાનો છે. પ્રત્યેક વિધાન સાથે પંચબિંદુ સમાન માપન યોજના છે. હકારાત્મક વિધાન માટે અનુક્રમે 5,4,3,2,1 ગુણ છે અને નકારાત્મક વિધાન માટે

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 5
September-October: 2026

1,2,3,4,5 ગુણ આપવામાં આવેલ છે. પ્રત્યેક વિધાનનું ગુણાંકન કર્યા બાદ તમામ વિધાનોના ગુણોનો સરવાળો કરતાં જે તે શિક્ષકોનાં આધ્યાત્મિક અને નૈતિક મૂલ્યોના કુલ ગુણ મળે છે.

9. અભ્યાસનું મહત્વ

- આધુનિક ટેકનૉલોજીનાં સમયમાં પ્રાથમિક શાળાના શિક્ષકોમાં NEP-2020 ના સંદર્ભમાં આધ્યાત્મિક અને નૈતિક મૂલ્યો વિશેના વિચારો કેટલે અંશે ગર્ભિત છે તે જાણી શકાશે.
- શિક્ષકોમાં જાતીયતા અને વિસ્તારના સંદર્ભમાં આધ્યાત્મિક અને નૈતિક મૂલ્યો પ્રત્યેની સભાનતા જાણી શકાશે.
- શિક્ષકોમાં આધ્યાત્મિક અને નૈતિક મૂલ્યો પ્રત્યે જાગૃતતા વધશે.
- શિક્ષકોમાં આધ્યાત્મિક અને નૈતિક મૂલ્યો પ્રત્યે સભાનતા વધતાં તેમના માધ્યમથી શાળાના બાળકો તમજ સમાજમાં તેઓ મૂલ્યોના વાહક બનશે.

10. અભ્યાસનો વ્યાપ અને મર્યાદાઓ

- પ્રસ્તુત અભ્યાસ અમદાવાદ જિલ્લા પંચાયત અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત ગુજરાતી માધ્યમની સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકો પૂરતું સીમિત રહેશે.
- પ્રસ્તુત અભ્યાસમાં જાતિ અને વિસ્તાર સિવાયના ચલોનો સમાવેશ કરવામાં આવ્યો નથી.
- પ્રસ્તુત અભ્યાસમાં ઉપયોગમાં લેવામાં આવેલ આધ્યાત્મિક અને નૈતિક મૂલ્ય માપદંડની મર્યાદા પ્રસ્તુત અભ્યાસની મર્યાદા રહેશે.

11. માહિતીનું એકત્રીકરણ

પ્રસ્તુત અભ્યાસમાં માહિતીના એકત્રીકરણ માટે જે તે શાળાના આચાર્યની મંજૂરી મેળવી શિક્ષકો પાસેથી રૂબરૂ સંર્પક કરી માહિતીનું એકત્રીકરણ કરવામાં આવ્યું હતું.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 5
September-October: 2026

12. માહિતીનું વિશ્લેષણ અને અર્થઘટન

પ્રસ્તુત અભ્યાસમાં જાતિ અને વિસ્તારના સંદર્ભમાં પ્રાથમિક શાળાના શિક્ષકોનાં આધ્યાત્મિક અને નૈતિક મૂલ્યોની ચકાસણી કરવા માટે કુલ ચાર ઉત્કલ્પનાઓની રચના કરવામાં આવી હતી તે મૂજબ માહિતીનું વિશ્લેષણ અને અર્થઘટન નીચે મૂજબ છે.

Ho_1: ***પ્રાથમિક શાળાના પુરુષ શિક્ષકો અને સ્ત્રી શિક્ષકોનાં આધ્યાત્મિક અને નૈતિક મૂલ્ય માપદંડમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.***

સારણી - 12.1

પ્રાથમિક શાળાના શિક્ષકોનાં જાતિયતના સંદર્ભમાં મૂલ્ય માપદંડનાં પ્રાપ્તાંકોની સાર્થકતા

સમૂહ	N	$\bar{x}$	Sd^2	M.D.	SE_d	t મૂલ્ય	સાર્થકતા કક્ષા
પુરુષ	44	176.20	106.02	2.12	2.08	1.02	NS
સ્ત્રી	56	174.09	107.58				

સારણી-12.1 માં પ્રાથમિક શાળાના પુરુષ અને સ્ત્રી શિક્ષકોના આધ્યાત્મિક અને નૈતિક મૂલ્ય માપદંડ પરના સરાસરી, પ્રમાણ વિચલન અને ક્રાંતિક ગુણોત્તર દર્શાવેલ છે. તથા t - મૂલ્ય 1.02 છે જે 0.05 કક્ષાએ 1.96 કરતાં ઓછું છે તેથી તફાવત સાર્થક નથી. તેથી કહી શકાય કે ઉત્કલ્પના Ho_1 નો અસ્વીકાર થતો નથી. એટલે કે પુરુષ અને સ્ત્રી શિક્ષકોના આધ્યાત્મિક અને નૈતિક મૂલ્યોમાં તફાવત જોવા મળતો નથી.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 5
September-October: 2026

Ho_2: *પ્રાથમિક શાળાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારના શિક્ષકોના આધ્યાત્મિક અને નૈતિક મૂલ્ય માપદંડમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.*

સારણી - 12.2

પ્રાથમિક શાળાના શિક્ષકોનાં વિસ્તારના સંદર્ભમાં મૂલ્ય માપદંડનાં પ્રાપ્તાંકોની સાર્થકતા

સમૂહ	N	$\bar{x}$	Sd^2	M.D.	SE_d	t મૂલ્ય	સાર્થકતા કક્ષા
ગ્રામ્ય	50	174.32	129.70	1.4	2.07	0.68	NS
શહેરી	50	175.72	85.32				

સારણી-12.2 માં પ્રાથમિક શાળાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારના શિક્ષકોના આધ્યાત્મિક અને નૈતિક મૂલ્ય માપદંડ પરના સરાસરી, પ્રમાણ વિચલન અને ક્રાંતિક ગુણોત્તર દર્શાવેલ છે. તથા t - મૂલ્ય 0.68 છે જે 0.05 કક્ષાએ 1.96 કરતાં ઓછું છે તેથી તફાવત સાર્થક નથી. તેથી કહી શકાય કે ઉત્કલ્પના Ho_2 નો અસ્વીકાર થતો નથી. એટલે કે ગ્રામ્ય અને શહેરી વિસ્તારના શિક્ષકોના આધ્યાત્મિક અને નૈતિક મૂલ્યોમાં તફાવત જોવા મળતો નથી.

Ho_3: *પ્રાથમિક શાળાના ગ્રામ્ય વિસ્તારના પુરુષ અને સ્ત્રી શિક્ષકોના આધ્યાત્મિક અને નૈતિક મૂલ્ય માપદંડમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.*

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 5
September-October: 2026

સારણી - 12.3

ગ્રામ્ય વિસ્તારના શિક્ષકોનાં જાતિયતાના સંદર્ભમાં મૂલ્ય માપદંડના પ્રાપ્તાંકોની સાર્થકતા.

સમૂહ	N	$\bar{x}$	Sd^2	M.D.	SE_d	t મૂલ્ય	સાર્થકતા કક્ષા
પુરુષ	22	175.86	118.21	2.76	3.20	0.86	NS
સ્ત્રી	28	173.11	135.38				

સારણી-12.3 માં પ્રાથમિક શાળાના ગ્રામ્ય વિસ્તારના પુરુષ અને સ્ત્રી શિક્ષકોના આધ્યાત્મિક અને નૈતિક મૂલ્ય માપદંડ પરના સરાસરી, પ્રમાણ વિચલન અને ક્રાંતિક ગુણોત્તર દર્શાવેલ છે. તથા t - મૂલ્ય 0.86 છે જે 0.05 કક્ષાએ 1.96 કરતાં ઓછું છે તેથી તફાવત સાર્થક નથી. તેથી કહી શકાય કે ઉત્કલ્પના Ho_3 નો અસ્વીકાર થતો નથી. એટલે કે ગ્રામ્ય વિસ્તારના પુરુષ અને સ્ત્રી શિક્ષકોના આધ્યાત્મિક અને નૈતિક મૂલ્યોમાં તફાવત જોવા મળતો નથી.

Ho_4: પ્રાથમિક શાળાના શહેરી વિસ્તારના પુરુષ અને સ્ત્રી શિક્ષકોના આધ્યાત્મિક અને નૈતિક મૂલ્ય માપદંડમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 5
September-October: 2026

સારણી - 12.4

શહેરી વિસ્તારના શિક્ષકોનાં જાતિયતાના સંદર્ભમાં મૂલ્ય માપદંડના પ્રાપ્તાંકોની સાર્થકતા.

સમૂહ	N	$\bar{x}$	Sd^2	M.D.	SE_d	t મૂલ્ય	સાર્થકતા કક્ષા
પુરુષ	22	176.55	93.61	1.47	7.04	0.21	NS
સ્ત્રી	28	175.07	77.85				

સારણી-12.4 માં પ્રાથમિક શાળાના શહેરી વિસ્તારના પુરુષ અને સ્ત્રી શિક્ષકોના આધ્યાત્મિક અને નૈતિક મૂલ્ય માપદંડ પરના સરાસરી, પ્રમાણ વિચલન અને ક્રાંતિક ગુણોત્તર દર્શાવેલ છે. તથા t - મૂલ્ય 0.21 છે જે 0.05 કક્ષાએ 1.96 કરતાં ઓછું છે તેથી તફાવત સાર્થક નથી. તેથી કહી શકાય કે ઉત્કલ્પના Ho_4 નો અસ્વીકાર થતો નથી. એટલે કે શહેરી વિસ્તારના પુરુષ અને સ્ત્રી શિક્ષકોના આધ્યાત્મિક અને નૈતિક મૂલ્યોમાં તફાવત જોવા મળતો નથી.

13. અભ્યાસનાં તારણો

- પ્રાથમિક શાળાના શિક્ષકોમાં પુરુષ અને સ્ત્રી શિક્ષકો વચ્ચે આધ્યાત્મિક અને નૈતિક મૂલ્યોમાં સામ્યતા જોવા મળે છે.
- પ્રાથમિક શાળાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારના શિક્ષકો વચ્ચે આધ્યાત્મિક અને નૈતિક મૂલ્યોમાં સામ્યતા જોવા મળે છે.
- પ્રાથમિક શાળાના ગ્રામ્ય વિસ્તારના પુરુષ અને સ્ત્રી શિક્ષકો વચ્ચે આધ્યાત્મિક અને નૈતિક મૂલ્યોમાં સામ્યતા જોવા મળે છે.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 5
September-October: 2026

- પ્રાથમિક શાળાના શહેરી વિસ્તારના પુરુષ અને સ્ત્રી શિક્ષકો વચ્ચે આધ્યાત્મિક અને નૈતિક મૂલ્યોમાં સામ્યતા જોવા મળે છે.

14. અભ્યાસના ફલિતાર્થો

જીવનમૂલ્યો વ્યક્તિના વ્યક્તિત્વનું ખૂબ જ મહત્વનું પાસું છે. જે તેના સમગ્ર જીવન વ્યવહાર સાથે અભિન્ન રીતે જોડાયેલું છે. પ્રસ્તુત અભ્યાસમાં શિક્ષકના જીવનમૂલ્યો સંદર્ભે આધ્યાત્મિક અને નૈતિક મૂલ્યોમાં જાતિયતા અને વિસ્તારના સંદર્ભમાં સામ્યતા જોવા મળે છે. શિક્ષણમાં નૈતિકતા કહેવાની જરૂર નથી, અનિવાર્ય જ છે.

સંદર્ભસૂચિ

ઉચાટ, ડી.એ. (2009). **શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પધ્ધતિશાસ્ત્ર**. રાજકોટ : સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

શુક્લ, એસ. (2020). **સંશોધન-પરિચય અને પદ્ધતિશાસ્ત્ર**. અમદાવાદ: ક્ષિતી પબ્લિકેશન.

જોષી, હરિપ્રસાદ. (1998). **મૂલ્યશિક્ષણ**. રાજકોટ : સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

દેશમુખ, સીતારામ. (2013). **મૂલ્યશિક્ષણ**. અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.

શુક્લ, એસ. એસ. (2017). **એક્સેલ અને મુદત વિશ્લેષણ**. અમદાવાદ : ક્ષિતિ પ્રકાશન.

શિક્ષણ મંત્રાલય(MOE), (2020). **રાષ્ટ્રીય શિક્ષણનીતિ-2020**. ન્યુ દિલ્હી : ભારત સરકાર.

વેબસાઈટ: www.educationresearch.in